# જાહેર બજેટ ઉપરના વર્કશોપનો અહેવાલ

અર્થશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોસિયલ સાયન્સીસ દ્વારા તારીખ 1 ફેબ્રુઆરી, 2025ના દિવસે વિદ્યાર્થીઓ માટે "**જાહેર બજેટ**" વિષય અંતર્ગત વર્કશોપનું આયોજન કરવામાં આવેલ હતું. યુનિવર્સિટીના ગુજરાત રાજ્યમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ તેમાં સહભાગી થઇ શકે તે માટે પ્રાદેશિક કેન્દ્ર અમદાવાદ, પ્રવેશ વિભાગ તરફથી મળેલ પ્રવેશ વિગતો તથા વેબસાઈટ ઉપર સૂચના પ્રસારિત કરીને વિદ્યાર્થીઓને ભાગ લેવા માટે જાણ કરવામાં આવી હતી. આ વર્કશોપમાં વિદ્યાર્થીઓ સ્વૈચ્છિક રીતે સહભાગી થયા હતા. યુનિવર્સિટીના કમ્પ્યૂટર વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલી રજીસ્ટ્રેશન લિંકમાં કુલ સોળ (16) વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવેલું હતું.

આ વર્કશોપમાં તારીખ 1 ફેબ્રુઆરીના દિવસે પ્રસિદ્ધ થતી કેન્દ્ર સરકારની બજેટ દરખાસ્તનું જીવંત પ્રસારણ બોર્ડ રૂમ 2માં જોવામાં આવ્યું હતું. ત્યારબાદ ભોજન પછીનાં સત્રમાં યુનિવર્સિટીના પ્રાધ્યાપકો ડૉ. કૃતિ છાયા, ડૉ. જીવરાજ ઝાંપડીયા તથા ડૉ. દિલીપચંદ્ર ચાવડાએ જાહેર બજેટના ખ્યાલ, બજેટ તૈયાર કરવાની પ્રક્રિયા તથા બજેટ દરખાસ્તમાં  કરવામાં આવેલી વિવિધ જોગવાઈઓ ઉપર ચર્ચા કરીને વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું. આ ઉપરાંત યુનિવર્સિટીના પૂર્વ નાણા અધિકારી શ્રી રમણ વાઘેલાને પણ આમંત્રણ આપવામાં આવેલ હતું, તેઓએ વિદ્યાર્થીઓને વિવિધ મુદ્દાઓની વિષય તજજ્ઞ તરીકે સમજૂતી આપી હતી. વર્કશોપમાં માનવિકી અને સામાજિક વિદ્યાશાખા ઉપરાંત વાણિજ્ય અને કમ્પ્યૂટર સાયન્સ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. વર્કશોપમાં સહભાગી થનાર અને હાજર રહેનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવેલ હતાં.

વિદ્યાર્થીઓ માટે ચા તથા ભોજનની વ્યવસ્થા યુનિવર્સિટી દ્વારા કરવામાં આવી હતી. સમગ્ર વર્કશોપમાં સંચાલન ડૉ. જીવરાજ ઝાંપડીયા દ્વારા તથા આભારદર્શન ડૉ. દિલીપચંદ્ર ચાવડા દ્વારા કરવામાં આવી હતી. વર્કશોપનું સમગ્ર આયોજન ડૉ. કૃતિ છાયા દ્વારા કરવામાં આવ્યું હતું.


MAINTAIN
SILENCE


Open University
Workshop
on
PUBLIC
VISION&
MISSION
Certificate of Participation





Dr. Babasaheb Ambedkar Open University
A++
nirf
VISION & MISSION
Workshop
on
PUBLIC BUDGET
Organized by
Department of Economics,
School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad
01st February 2025, 10:00 AM
Venue: "Jyotirmay Parisar", Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad